*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 100351

# 183(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 38 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આન્તરિક છે.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 સુધીના હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C) માંથી પસંદ કરીને જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) જાહેરાતના આધારે પ્રથમ કયો પત્ર લખાય છે ?

(A) રૂબરૂ મુલાકાતપત્ર

(B) નિમણૂંકપત્ર

(C) અરજીપત્ર

2) ગ્રાહકને ઉપયોગી માહિતી પૂરી પાડતા પત્રને શું કહે છે ?

(A) ફરિયાદપત્ર

(B) પરિપત્ર

(C) ખાનગીપત્ર

3) કંપનીને મળેલા પત્રો કંપની કયા રજિસ્ટરમાં નોંધે છે ?

(A) જાવકપત્ર રજિસ્ટર

(B) સ્ટોક રજિસ્ટર

(C) આવકપત્ર રજિસ્ટર

4) વાણિજ્યપત્રના કાયમી ભાગો કેટલા છે ?

(A) સાત

(B) આઠ

(C) નવ

5) સહપત્ર કોને કહેવાય ?

(A) સામાન્યપત્ર

(B) પ્રમાણિતપત્ર

(C) બિડાણ

6) માનસૂચક સમાપન પછી કયું વિરામ ચિહ્ન મુકવામાં આવે છે ?

(A) અલ્પવિરામ

(B) ગુરૂવિરામ

(C) પૂર્ણવિરામ

7) માનસૂચક અંતમાં પત્રમાં નીચેનામાંથી કયો શબ્દ લખાય છે ?

(A) મહાશય

(B) શ્રીમાન

(C) આપનો વિશ્વાસુ

8) ઠરાવ કે નોંધ એ સભ્યોના સામૂહિક નિર્ણયને કયું સ્વરૂપ આપે છે ?

(A) દરખાસ્તનું

(B) કાયદાનું

(C) માહિતીનું

9) આદેશ કઈ વ્યક્તિ કરી શકે છે ?

(A) વિત્તવાન

(B) સત્તાવાન

(C) ગુણવાન

10) અરજીપત્રમાં અરજીપત્ર લખનારનું નામ અને સરનામું કઈ બાજુ લખવામાં આવે છે ?

(A) ડાબી બાજુ

(B) જમણી બાજુ

(C) વચ્ચે

## વિભાગ - B

■ **નીચે આપેલા 11 થી 20 સુધીના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેક પ્રશ્નના 2 ગુણ છે.** **[20]**

**11)** નીચેના વાક્યોમાંથી ઉદ્દેશપદ અને વિધેયપદ જુદા પાડો.

(1) હાથના કર્યા હૈયે વાગ્યાં.

(2) બેંગલોર મનોહર નગર છે.

**12)** નીચેના વાક્યોના માંગ્યા પ્રમાણે ઉત્તર આપો.

(1) નીતા નૃત્ય કરે છે. (કર્મણી વાક્ય બનાવો)

(2) પ્રજા હવે ધીરજ ખોઈ બેઠી છે (ક્રિયાપદ સ્પષ્ટ કરો)

**13)** નીચેના ફકરામાં યોગ્ય જગ્યાએ વિરામચિહ્નો મૂકો.

એનો અર્થ એવો નથી કે અત્યારનું બધું ખરાબ છે જ્ઞાનની નવી શાખાઓ શીખવી જ જોઈએ અને અભ્યાસ વધારવો જ જોઈએ પણ વિદ્યા શા માટે માણસ પોતાને પોતાની આસપાસના જગતને અને જગતના રચનારને ઓળખી શકે તે માટે વિદ્યા છે

**14)** 'કાગનો વાઘ કરવો' રૂઢિપ્રયોગનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો.

**15)** 'નાક કપાવું' રૂઢિપ્રયોગનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો.

**16)** 'ભેંસ આગળ ભાગવત' કહેવતનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો.

**17)** 'એકડા વગરના મીંડા' કહેવતનો અર્થ આપી, વાક્યપ્રયોગ કરો.

**18)** નીચેની જોડણી સુધારો.

(1) રુષિ (2) સુશીક્ષિત

**19)** પત્રવ્યવહારનો અર્થ આપો.

**20)** નોટિસ એટલે શું ?

## વિભાગ - C

■ **નીચે આપેલા 21 થી 27 પ્રશ્નોના ત્રણથી ચાર લીટીમાં જવાબ આપો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[21]**

**21)** 'બેંક ઓફ બરોડા', મહેસાણાના પટાવાળાનું સ્ટાફ પ્રત્યે ખરાબ વર્તન છે. બેંક મેનેજર તરીકે પટાવાળાને બરતરફ કરવાની નોટિસ આપો.

22) એક કર્મચારી પોતાની ફરજ પર હંમેશાં મોડા આવે છે. કારખાનાના મેનેજર વતી નોટિસ આપો.

23) પરીક્ષાના (મહત્ત્વના) સમય દરમ્યાન એક શિક્ષકે આઠ દિવસની પ્રાસંગિક રજાની માંગણી કરી છે, આચાર્ય તરીકે તેમની અરજીપર નોંધ લખો.

**અથવા**

'વોડાફોન કંપની' ના મેનેજરની અમદાવાદ શાખામાંથી વડોદરા શાખામાં બદલી કરવા અંગે ઠરાવ તૈયાર કરો.

24) બેંકમાં કંપનીનું ખાતું ખોલાવવા અંગેનો ઠરાવ તૈયાર કરો.

**અથવા**

કંપનીની સામાન્ય મહોરને માન્યતા આપવા અંગેનો ઠરાવ તૈયાર કરો.

25) ફરિયાદ પત્રોની પતાવટ કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો.

26) સાર લેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ જણાવો.

27) 'બચત ખાતું' સામાન્ય રીતે કોણ ખોલાવવાનું પસંદ કરે છે ? શા માટે ?

## વિભાગ - D

■ **નીચેના 28 થી 33 સુધીના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. દરેક પ્રશ્નના 4 ગુણ છે.** [24]

28) ગુજરાતમાં કન્યા કેળવણી નિઃશુલ્ક (મફત) કરવાનો સરકારશ્રીનો આદેશ.

29) પૂછપરછનો અર્થ આપી, વર્તમાન સમયમાં કયા પ્રસંગો એ પૂછપરછના પત્રો લખવા પડે છે; તે જણાવો.

30) પરીક્ષા સ્થળથી 150 મીટર સુધીના વિસ્તારમાં 144 ની કલમ જાહેર કરતો મામલતદારશ્રીનો આદેશ (જાહેર નોટિસ) તૈયાર કરો.

**અથવા**

શ્રી ચીમનભાઈ પટેલના અવસાન નિમિત્તે ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરતો રાજ્યપાલશ્રીનો આદેશ તૈયાર કરો.

31) એક ટ્રેન અકસ્માતનો આંખે જોયો અહેવાલ તૈયાર કરો.

32) વર્તમાનપત્રની જાહેરાતના અનુસંધાને 'ઘનશ્યામ મિલ્સ પ્રા. લિમિટેડ' ઉધનારોડ, સુરતને 'કોમ્પ્યૂટર પ્રોગ્રામર' ની જરૂર છે. ઉપરોક્ત જગ્યા માટે જરૂરી વિગતો સાથે અરજી કરો.

**અથવા**

'ઇન્ડિયન ફર્ટિલાઈઝર કોર્પોરેશન', વડોદરા તરફથી મહેસાણા કૃષિ મંડળીને રાસાયણિક ખાતર મોકલાવ્યું છે. તેમા 100 થેલી ની ઘટ માલૂમ પડેલ છે. આ માટે મંડળીના સેક્રેટરી તરફથી ફરિયાદ કરતો પત્ર તૈયાર કરો.

33) બેંકના મેનેજર વતી કોઈ એક ગ્રાહકને આપવામાં આવેલ ઓવર ડ્રાફ્ટ માટે વધારાની જામીનગીરીઓ પુરી પાડવાની જાણ કરતો પત્ર તૈયાર કરો.

## વિભાગ - E

**નીચેના 34 થી 38 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

34) નીચેનો ગદ્યખંડ વાંચી તેનું સારલેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો.

દુનિયામાં કેટલાક માનવીઓ પુરુષાર્થી હોય છે, તેઓ દુનિયામાં કંઈ નવું સર્જન કરી જવાની તમન્ના સેવતા હોય છે. તેમનું પોતાનું પણ એક ધ્યેય હોય છે. તેઓ જીવનમાં જોખમો, ખરાબ રૂઢિઓ, વહેમો, અજ્ઞાન અને અન્યાયનો ભારે સામનો કરે છે. આમ છતાં પણ પોતાના જીવનના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પોતાની તમામ શક્તિ કે સાધન સંપત્તિ હોમી દેવી પડે તો તેમ કરવામાં તેમને થોડો પણ રંજ થતો નથી. તેઓ પોતાના ધ્યેયની દિશામાં હિંમતભરે આગળને આગળ ધપે જ જાય છે. પોતાના સર્વે સાધનો ખૂટી જવાના પ્રસંગે પણ તેઓ પાછું પગલું ભરતા નથી. ધ્યેયની સિદ્ધિ માટે તેઓ પોતાના પ્રાણનો પણ ભોગ આપવા તૈયાર રહે છે અને જરૂર પડે હસતે મુખે દેહનો ત્યાગ પણ કરે છે.

35) અરજી કરનાર શ્રી એસ.એમ. પટેલને 'ભારત ઇલેક્ટ્રોનિક્સ' લાલદરવાજા, અમદાવાદ વતી ઇન્ટરવ્યુ માટે હાજર રહેવા પત્ર લખો.

**અથવા**

મામલતદાર કચેરી રાજકોટની પસંદગી સમિતિ તરફથી ક્લાર્કની જગ્યા માટે શ્રી એચ.એમ. જાડેજાને નિમણૂંક આપતો પત્ર તૈયાર કરો.

36) 'મેસર્સ આનંદ એન્ડ સન્સ' રિલીફ રોડ, અમદાવાદના મેનેજર તરફથી પોતાના ગોદામમાં આગ લાગતાં થયેલ ₹ 3 લાખના નુકશાનનો દાવો માંડતો પત્ર 'હિન્દુસ્તાન ફાયર ઇન્સ્યોરન્સ કંપની લિ.' ને લખો.

37) આપની નવી દુકાન માટે રમત ગમતના સાધનોના જથ્થાબંધ વેપારી 'સુનિલ સ્પોર્ટ્સ સેન્ટર' ગાંધીરોડ, અમદાવાદને કેટેલોગમાં જણાવેલા ભાવ પ્રમાણે જુદા-જુદા રમત ગમતના સાધનો ખરીદવાનો ઓર્ડર આપતો પત્ર તૈયાર કરો.

38) 'જલસાગર મરીન ઈન્સ્યોરન્સ કું. લિ.', ન્યુ દિલ્હીએ 'મેસર્સ રઘુવીર એન્ડ સન્સનો દરિયાઈ વીમા પોલિસીનો કરવામાં આવેલો દાવો મંજુર કરવામાં આવે છે તેની જાણ કરતો પત્ર લખો.

**અથવા**

એક શેરહોલ્ડર તરીકે કંપનીના સેક્રેટરીને જણાવો કે, ડિરેક્ટરોએ જે ડિવિડન્ડની ભલામણ કરવી જોઈતી હતી તે અંગેનો પત્ર કંપનીના સેક્રેટરીને લખો.

◆◆◆